મમીઝ

જોયસ મિલ્ટન

ચિત્ર: સુસાન સ્વાન





મમીઝ



જોયસ મિલ્ટન

ચિત્ર: સુસાન સ્વાન





મિસર (ઇજિપ્ત) માં વિશાળ
પિરામિડ

રેતીમાંથી ઉપર ઉઠે છે.

એને કોણે બનાવ્યા?

અને કેમ?

પિરામિડોનું નિર્માણ હજારો વર્ષો પહેલા મહાન રાજાઓએ કરાવ્યું હતું.

મિસરના રાજાઓને ફેરો (પ્રાચીન મિસરના રાજાનો ખિતાબ) કહેવામાં આવતા હતા.

સૌથી મોટા પિરામિડને બનાવવામાં

1,00,000 મજૂરોને વીસ વર્ષ લાગ્યા હતા.

પણ કોઈ પણ ફેરો

પિરામિડમાં ન રહ્યા.

એ કેવી રીતે રહી શકે?

ત્યાં કોઈ બારીઓ ન હતી

અને કોઈ દરવાજા ન હતા!

એવું એટલા માટે હતું કારણકે પિરામિડ

એક કબર હતી.

ફેરોના મૃત્યુ પછી,

એના શરીરને પિરામિડની

અંદર રાખવામાં આવતું હતું.



બધા મિસરવાસીઓની જેમ,

ફેરો પણ મૃત્યુ પછી

જીવનમાં વિશ્વાસ કરતા હતા.

એની આત્મા મૃતકોની ભૂમિમાં જીવિત રહેશે.

ત્યાંનું જીવન પણ સાવ પૃથ્વી પરના

જીવન જેવું જ હશે, કદાચ એનાથી વધારે સારું!



મૃતકોની ભૂમિમાં,

ફેરો એ બધું કરી શકતો હતો જે એને પસંદ હતું -

ઘોડેસવારી, શિકાર, અને માછલી પકડવાનું.

એ ઉજાણી પણ કરી શકતો હતો.



પણ મૃત્યુ પછી

જીવનનો આનંદ લેવા માટે,

ફેરોને હજી પણ

એના શરીરની જરૂરત હતી.

એટલે એના શરીરને મમી
બનાવવામાં આવતું હતું.

મમી એક એવું શરીર હતું

જેને કિસમિસની જેમ

સૂકવવામાં આવતું હતું.

એનાથી એ શરીર સડે નહીં.

રાજા કુફૂ

એ ફેરો હતા જેણે

સૌથી મોટો પિરામિડ બનાવડાવ્યો
હતો.

જે દિવસે કુફૂનું મૃત્યુ થયું,

ત્યારે એનો પરિવાર એની સાથે
હતો.

અને પાદરી પણ સાથે હતા.







મૃત્યુ થયાના તરત પછી,
એક નાવ કુફૂના શરીરને
નાઇલ નદીને પાર લઈ ગઈ.

ત્યાં અન્ય પાદરી રાજાના શરીરને
મમી બનાવવા માટે રાહ જોઈ રહ્યા હતા.



મમી બનાવવા માટે શરૂઆતથી

અંત સુધી લગભગ સત્તર દિવસો લાગ્યા.

સૌથી પહેલા, અંત્યવિધિની વ્યવસ્થા કરનારાઓએ

કુફૂના શરીરને ચીર્યું.

એણે એનું હૃદય અંદર જ છોડી દીધું.

પણ એણે ફેફસા,

યકૃત, પેટ અને આંતરડા કાઢી લીધા.

એ અંગોને વિશેષ બરણીમાં રાખવામાં આવ્યા,

જેના ઢાંકણા જાનવરો અને દેવતાના આકારના હતા.

એને પણ મમી સાથે પિરામિડમાં રાખવામાં આવશે.



એ પછી, શરીરને નેટ્રોનમાં પેક કરવામાં આવ્યું. નેટ્રોન મીઠાં જેવું હોય છે.
નેટ્રોનમાં ઘણા અઠવાડિયા રાખ્યા પછી, કુફૂનું શરીર સાવ સૂકાઇ ગયું.

હવે શરીરનું વજન પહેલા કરતા ઘણું ઓછું થઇ ગયું હતું.
ત્વચા, ચામડાની જેમ, સખત અને ચુસ્ત થઇ ગઇ હતી.



પછી અંત્યવિધિકર્તાઓએ

બારીક સફેદ કપડાંની લાંબી પટ્ટીઓ કાપી.

એણે પટ્ટીઓને


મમીની ચારે બાજુ અને માથાથી પગ સુધી
લપેટી.

મહોરા પહેરેલા પાદરીએ કામને જોઈ રહ્યા હતા.

એમણે શબ માટે પ્રાર્થનાઓ કરી.

એમણે કપડાંની પટ્ટીઓની વચ્ચે

જાદુઈ મંત્રવાળું જંત્ર અને રત્નો રાખ્યા.







મમીને આખું લપેટ્યા પછી,

અંત્યવિધિકર્તાઓએ એને

વૃક્ષોના ચીકણા રસથી ઢાંકી દીધું.

રસ સૂકાઈ ગયા પછી,


મમી એક મૂર્તિની જેમ સખત થઈ ગયું.

આખરે, કુફૂના અંતિમ સંસ્કારનો સમય આવી ગયો.

એના મમીને એક આલંકારિક શબપેટીમાં રાખવામાં આવ્યું.

અને એ શબપેટીને

બીજી એક આલંકારિક શબપેટીમાં રાખવામાં આવી.





પછી કુફૂની મમીને
એક સ્લેજ પર રાખવામાં આવ્યું
અને એને પિરામિડ સુધી ઘસડીને લઇ
જવામાં આવ્યું.

ત્યાર પછી એક લાંબુ સરઘસ નીકળ્યું.

પાદરીઓએ પ્રાર્થનાઓ કરી.

મહિલાઓએ એના કપડાં ફાડયા

અને જોર-જોરથી રડી.



પિરામિડના ઊંડાણમાં અંદર,
એક ચાલવાનો રસ્તો એક
નાના રૂમમાં જતો હતો.
ત્યાં પાદરીઓએ
મમી માટે છેલ્લી પ્રાર્થના કરી.
એ પ્રાર્થનાને
"મોઢું ખોલવાનું" કહેવામાં આવતું હતું.
હવે કુફૂ ફરીથી
બોલી અને ખાઇ શકશે.

પિરામિડના બીજા રૂમ
આલંકારિક રાચરચીલા અને
રત્નોથી ભરેલા હતા.



એ ખજાના કુફૂ માટે હતા
જેનાથી એ પરલોકમાં પણ
એનો આનંદ લઇ શકે.

જયારે બધું વ્યવસ્થિત થઈ ગયું,

ત્યારે અંદર જવાનો રસ્તો

પથ્થરના ટુકડાથી બંધ કરવામાં આવ્યો.

મજૂર એક ગુપ્ત રસ્તાથી બહાર નીકળી
ગયા.

પછી એ રસ્તાને

પથ્થરથી ભરીને દીવાલ ચણી લેવામાં આવી.

આ બધું કુફૂની મમી

અને એના ખજાનાને સુરક્ષિત

રાખવા માટે કરવામાં આવ્યું હતું.



થોડા સમય પછી, ફેરોએ

પિરામિડ બનાવવાના બંધ કરી દીધા.

એને બદલે, એમણે

ઊંડી ભૂમિગત કબરો બનાવડાવી.

આ કબરોમાં મમી

વધારે સજીવ લાગતી હતી.

અંત્યવિધિકર્તાઓ મમીની ખાલની

નીચે મસાલો ભરતા હતા.

એનાથી એના ગાલ ગોળ થઈ જતા હતા.

એ કાંચ અથવા કાળા-સફેદ પથ્થરોથી

નકલી આંખો બનાવતા હતા.

જયારે મમી બનીને તૈયાર થઈ જતી

હતી, તો એના ચહેરા પર રંગ લગાવવામાં

આવતો હતો.

થોડી મમીઝની નકલી ભમર

અસલી વાળથી બનાવવામાં આવતી

હતી.



શરૂઆતમાં,

ફક્ત રાજાઓ, રાણીઓ,

અને બહુ મહત્વપૂર્ણ લોકોની જ

મમી બનાવવામાં આવતી હતી.

પણ જેમ-જેમ સમય વીતતો ગયો,

વધારે ને વધારે લોકો

પોતાના શરીરને આગલી દુનિયા માટે

તૈયાર કરવા ચાહતા હતા.

થોડા લોકોએ એના પાળેલા જાનવરોની

પણ મમી બનાવડાવી.

એક માણસે એની કબરમાં

એની સાથે બે જાનવરોને પણ રાખ્યા -

એના કૂતરાને અને એના પાળેલા
બબૂનને.



અન્ય જાનવરોની પણ
મમી બનાવવામાં આવી,
જેવા કે બળદ અને સાપ,
અને મગરમચ્છની પણ.
આ મમી એ દેવી-દેવતાઓના
સન્માનમાં બનાવવામાં આવતી હતી
જે જાનવરો જેવા દેખાતા હતા.



થોથ દેવતાનું માથું એક પક્ષીનું હતું.
એ પક્ષી આઈબીસ હતું.
એટલે આઇબીસનું મમી બનાવવામાં
આવ્યું.





એક દેવી બિલાડી જેવી દેખાતી હતી.

એના સન્માનમાં મંદિરો હતા

જે હજારો બિલાડીઓની મમીઝથી ભરેલા હતા!



આ એક બિલાડીનું મમી છે.



એક વાર જયારે મમીને

દફનાવવામાં આવતી હતી,

પછી એને સુરક્ષિત માનવામાં આવતી હતી.

પણ શું એ વાસ્તવમાં સુરક્ષિત હતી?

નહીં!



ચોર-ડાકુ કબરોને લૂંટતા હતા.

એને એનો ખજાનો જોઈતો હતો.

થોડા લૂંટારા મમી ચોરવા પણ આવતા હતા.


ઘણા લોકોને લાગતું હતું કે

મમીઝમાં જાદુઈ

શક્તિઓ હતી.

યાત્રીઓ એને શોધવા માટે

દૂર-દૂરથી આવતા હતા.



એ મમીને પીસતાં હતા

અને મમીની દવા વેંચતા હતા.

એને લાગતું હતું કે મમીનો પાઉડર

ખાવાથી લોકો બળવાન બની જશે.

પણ, સામાન્ય રીતે એ બીમાર પડી જતા!

થોડા યાત્રીઓ મમીને

પોતાની સાથે ઘરે લઈ જતા હતા.

એ મમીઝને ખોલતા હતા

એ જોવા માટે કે એ કેવી દેખાતી હતી.

એ એવા લોકોને ટિકિટ પણ વેંચતા હતા

જે મમીઝને જોવા ચાહતા હતા.





આજે, વૈજ્ઞાનિક મમીઝનું અધ્યયન કરે છે.
એ એના વિષે જેટલું જાણી શકાય,
એટલું જાણવા ચાહે છે.
આ મમી બોસ્ટનની એક
હોસ્પિટલમાં રાખવામાં આવ્યું છે.
એનું નામ "પાડીહરશેફ" છે.
પણ વૈજ્ઞાનિક એને ફક્ત "પાડી" કહે છે.
વૈજ્ઞાનિકોને મમીઝનું
અધ્યયન કરવા માટે
હવે એને ખોલવાની પણ જરૂર નથી.
એ એક્સ-રે નો ઉપયોગ કરી શકે છે.
એક્સ-રેથી ખબર પડી શકે છે કે
ઘણા સમય પહેલાના લોકોને
કઈ-કઈ બીમારીઓ હતી.



વૈજ્ઞાનિકો અને સંશોધકો સેંકડો વર્ષોથી

મમીઝ શોધી રહ્યા છે.

ઘણી મળી ગઈ છે.

શું હજી વધારાની બાકી છે?





થોડા સમય પહેલા, વૈજ્ઞાનિકોને

એક વિશાળ ભૂમિગત કબર મળી.

એ મમીઝથી ભરેલી હતી.

એ કબર એટલી મોટી કેમ હતી?

એ એક ફેરોના બાળકોની હતી.

એનું નામ મહાન રેમેસિસ હતું.

રેમેસિસના 100 થી વધારે બાળકો હતા!





કોને ખબર છે?
ચટ્ટાનો અને રેતીની નીચે,
વધારે મમીઝ હોઇ શકે છે
જે શોધાવાની રાહ જોઇ રહી છે!

મમીઝ

શું તમે જાણો છો કે થોડી મમીઝને
કાંચની આંખ અને વિગ હોય છે?
અને એ કે બિલાડીઓની મમીઝ પણ હોય છે
અને પક્ષીઓની મમીઝ પણ?
અને એ કે થોડા લોકો
ભૂકો કરેલી મમી ખાતા હતા?
આ પુસ્તકમાં મમીઝ વિષે
ઘણા અદ્ભૂત તથ્ય આપેલા છે!